# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૭૪ તા.૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૧/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ઝીઓન ફુડ્સ એન્ડ સ્પાઈસીસ ગામ – સોંદરડા

સબડીવીઝન: કેશોદ રૂરલ-૨

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: શનિવાર (૧૯.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૯.૨૦ (શનિવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,તેઓ કેશોદ વિભાગીય કચેરી હેઠળ ભારે દબાણનું વીજ જોડાણ એચટી ગ્રાહક નં ૨૧૭૦૪ ધરાવે છે.અમો આપની કંપની નું બીલ રેગ્યુલર ભરી આપીએ છીએ.અમારું વીજ જોડાણ સોંદરડા જેજીવાય ફિડર માથી આપેલ છે આ ફિડર માથી અમારી જેમ અન્ય ઉદ્યોગ ને પણ કનેક્શનો આપેલ છે અને આજ ફિડર માથી સોંદરડા ગામ ના કનેક્શન પણ આપેલા છે.આ ફિડર માં ઘણા સમય થી પી.જી.વી.સી.એલ. દ્વારા અવાર નવાર ક્રોસિંગ ના બહાને લાઈટ કાપ

કરવામાં આવે છે.અમારા ઉદ્યોગ માં જેટલી વખત અચાનક પાવર બંધ કરવામાં આવે છે. ત્યારે દર વખતે ૧ કલાક પ્રોસેસ સાયકલ અમોને રિપીટ કરવી પડે છે.તો નુકશાની થાય છે.જેથી પી.જી.વી.સી.એલ. કચેરી ને લેખિત અને મૌખિક જાણ કરેલ છે.છતાં પણ અમારા પ્રશ્ન નું નિવારણ થતું નથી તેથી અમારા પ્રશ્નનું નિવારણ કરી આપવા નમ્ર વિનતિ. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની રજુઆત મુજબ પેટા વિભાગીય કેશોદ ગ્રામ્ય-૨ હેઠળના સોંદરડા ગામે આવેલ એચ.ટી. કનેક્શન નં. ૨૧૭૦૪ કે જે જીયોન ફૂડ્ઝ એન્ડ સ્પાઇસીસથી આવેલ છે. તેમના દ્વારા તા. ૧૭.૦૮.૨૦૨૦ના રોજ કરેલ લેખિત રજૂઆત કરેલી છે.

3.૧ અરજદારશ્રી ની હયાત એચ.ટી. વીજ જોડાણ ૨૦૦ કે.વી.એ.નો વીજ ભાર ધરાવે છે. તેમને જે-તે સમયે પેટા વિભાગીય કચેરી કેશોદ ગ્રામ્ય-૧ હેઠળના ૧૧ કેવી મેસવાણ ફિડરમાંથી અન્ય ઔદ્યોગિક વીજ જોડાણ સાથે મેસવાણ તથા સોંદરડા ગામ જોડવામાં આવેલ હતા ત્યાર બાદ નવું ૬૬ કેવી સોંદરડા સબ સ્ટેશન ઉભું થતા પેટા વિભાગીય કચેરી કેશોદ ગ્રામ્ય-૧ તથા ગ્રામ્ય-૨ ના વીજ ગ્રાહકો એક જ જ્યોતિગ્રામ ફિડરમા આવેલ હોવાથી નવું સોંદરડા જ્યોતિગ્રામ ફિડર ઉભું કરી તે ફિડરમા સોંદરડા ગામ તથા તેમના લાગુ પડતા ઔદ્યોગિક વીજ જોડાણો જોડી દેવામાં આવેલ. આમ કરવાથી ગ્રાહકોને સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો મળી રહે તેમજ સોંદરડા ગામ પેટા વિભાગીય કચેરી કેશોદ ગ્રામ્ય-૨ હેઠળ આવતું હોય તેમના ગ્રાહકોને લાઈન સમારકામ તથા બીલ બાબત એક જ કચેરીનો સંપર્ક કરવાનો રહે તેવી વ્યવસ્થા કરેલ છે. આમ કરવાથી વીજ ફોલ્ટનું પ્રમાણ ઘટાડવામા આવેલ છે.

3.૨ અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ રજૂઆત ચોમાસામાં ભારે વરસાદ તથા પવનના કારણે ટ્રીપીંગની સંખ્યા વધવાથી કરવામાં આવેલ તેવું જણાય છે. સ્થાનિક કચેરી દ્વારા પાવર બંધ કરતા પહેલા અરજદારને ટેલીફોનીક જાણ પણ કરવામાં આવે છે. આ ઉપરાંત સોંદરડા જ્યોતિગ્રામ ફિડરને એકમાત્ર ખેતીવાડી ફિડર દ્વારા ક્રોસિંગ કરવામાં આવે છે. જે પણ ટૂંક સમયમાં દુર કરવાની કામગીરી સ્થાનિક કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે.

3.3 અરજદારશ્રી દ્વારા અગાઉ તેમના હયાત ૨૦૦ કેવીએના વીજ જોડાણ માટે અલગ ફિડરની મૌખિક રજૂઆત મળેલ છે જે ટેકનીકલી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આ ઉપરાંત આ વિસ્તારોમાં અન્ય કોઈ ઔદ્યોગિક ફિડર આવેલ ન હોય જ્યોતિગ્રામ ફિડરમાંથી જ વીજ પુરવઠો આપવો જરૂરી છે. સ્થાનિક કચેરી દ્વારા અરજદારને પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કેશ માં પાવર સપ્લાય અવાર-નવાર બંધ થઈ જતું હોય તો પીજીવીસીએલ ના નિયમ મુજબ તાંત્રિક કામગીરી કરી સદર અરજદારશ્રી ની ફરિયાદ નું નિવારણ કરવું.

૪.૨ અરજદારશ્રી ની રજૂઆત મુજબ જેજીવાય ફિડર માં અન્ય ફિડરો ના ક્રોસિંગ દૂર કરવા તેમજ નવા ડીઓ ફ્યુજ મુકી અને પાવર સપ્લાય જળવાઈ રહે તે મુજબ ની તાંત્રિક કામગીરી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી ને અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯